# આઇઆઇટી ગાંધીનગર દ્વારા 'વિન્સ' લોન્ચ કરાશે

**IIT UPDATE**

સિટી રિપોર્ટર ▶ અમદાવાદ

એવી મહત્વાકાંક્ષી મહિલાઓ જીવનમાં શારીરિક ત્રાસને લીધે આવેલાં અંતરને પૂરવા અને તેમને સપોર્ટ કરવા માટે જલ્દીથી તેઓ આંત્રપ્રિન્યોર બનીને પોતાનો સપોર્ટ કરી શકે તે માટે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી, ગાંધીનગરે પ્રયત્નો કરવાનું નક્કી કર્યું છે. આઇઆઇટી-જીએન દ્વારા 'વિન્સ' (વુમન ઇન સ્ટાર્ટઅપ્સ)ને 22મી જાન્યુઆરીએ લોન્ચ કરવાનું આયોજન કર્યું છે. જેનો હેતુ મહિલાઓમાં ટેક્નોલોજી બેઝ્ડ આંત્રપ્રિન્યોરશિપની કેળવણી માટેનો છે. આ શરૂઆતથી એવી મહિલા પ્રોફેશનલ્સ, મહિલા આંત્રપ્રિન્યોર્સ અને અન્યોને પોતાના વેન્ચરની શરૂઆત કરવામાં મદદ મળશે.

આઇઆઇટીજીએનના આઇપી અને આંત્રપ્રિન્યોરશિપનાં એડવાઇઝર ડો. હિરન વેદમે કહ્યું કે, આંત્રપ્રિન્યોરશિપ અમારા એકેડેમિક પ્રોગ્રામ અને પ્રવૃતિઓ આઇઆઇડીજીએનનો મહત્વનો ભાગ છે. દુનિયાભરમાં મહિલાઓને ટેક્નોલોજી આંત્રપ્રિન્યોરશિપ ક્ષેત્રે ગૌણ ગણવામાં આવે છે. વિન્સની શરૂઆતથી અમે આ પડકારને દૂર કરવાની શરૂઆત કરીશું.આઇઆઇટીજીએન અને વિન્સનાં કો-ઓર્ડિનેટર પ્રો. રેચલ શેલોમે કહ્યું કે, મહિલાઓને પ્રોડક્ટિવ ઇન્ડસ્ટ્રીઝ જેવી કે આંત્રપ્રિન્યોરિયલ ઇન્ડસ્ટ્રીમાં ખોટી રીતે રજૂ કરાય છે, જે વૈશ્વિક સમસ્યા છે. પરંતુ વધારે મોટી સમસ્યા ભારતીય સમાજ માટે છે. મહિલાઓનાં ટેલેન્ટ્સનાં ઉપયોગમાં સુધારો કરવામાં વધારો થવો જોઇએ. વિન્સમાં નિયમિત મિટિંગ્સ અને પ્રેરણાત્મક વાતો અને વર્કશોપ્સ કરીને ટેક્નોલોજી બેઝ્ડ વેન્ચર્સમાં મહિલાઓની કેળવણી કરવામાં આવશે. ટાઇ અમદાવાદ ચેપ્ટરનાં પ્રેસિડેન્ટ નેહા શેઠ વિન્સનાં લોન્ચ વખતે પ્રેરણાત્મક વાતચીત કરશે, જેમાં આઇઆઇટી ફેલ્ટીઝ અને વિદ્યાર્થીઓ સપોર્ટ કરશે.